જગદ્ગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

અન્તઃકરણ પ્રબોધ

(અન્વય-ભાવાર્થ સહિત)

અન્વય-ભાવાર્થ :

પૂ.પા.ગો.૧૦૮ શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી (વડોદરા)

આ પ્રકાશનમાં દ્રવ્ય સહાયકર્તા -

ગો.વા.લલીતાબેન ઘનશ્યામદાસ શાહ, ગો.વા.ઘનશ્યામદાસ જેઠાલાલ શાહ
ગો.વા.મુરીબેન મોહનલાલ શાહ, ગો.વા.મોહનલાલ છગનલાલ શાહ
હ.ચુનિલાલ ઘ.શાહ તથા મુંબઈ પરિવાર
(૨૪, વી.આઈ.પી.સોસાયટી, ગદાપુરા, વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૫૧૮૭૦)
ના સર્વ વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ

પ્રકાશક

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal.@gmail.com**

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન

શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ

C/o. ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી,એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મિલ પાછળ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન : ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં. -૨૦૬૬, ફાગણ વદ, ઈ.સ. માર્ચ-૨૦૧૦

પ્રત - ૫૦૦

ન્યોછાવર - રૂા. ૧૦-૦૦

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૪૯

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી અન્તઃકરણપ્રબોધ ગ્રન્થ સરળ અન્વય અને સરળ ટિપ્પણ ભાવાર્થસહિત બાળકોના અધ્યયન માટે પ્રકાશિત થઈ રહ્યો છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫ અને વર્ષ ૨૬ થી ૪૫ની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વડોદરા મુકામે (૨૪ મે થી ૩૦ મે ૨૦૧૦) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓ ને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અન્વય-ભાવાર્થ સાથેની અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી, તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રગટ થઈ રહ્યું છે.

આ પુસ્તિકામાં અન્વય-ભાવાર્થ માટે શ્રીપુરુષોત્તમજીની ટીકાના આશયને સામે રાખીને લખવામાં આવ્યું છે. સ્વીકૃત પાઠ તરીકે પણ શ્રીપુરુષોત્તમજીએ સ્વીકારેલા પાઠ મુજબ અન્વય કરેલો છે. તે ઉપરાંત આ ગ્રન્થની જાણકારી માટે ગ્રન્થ પરિચયના રૂપમાં અમારા દ્વારા લખાયેલ ‘ષોડશગ્રન્થ સરળ સાર’ પુસ્તકમાંથી ઉદ્ધૃત કરીને ‘અન્તઃકરણપ્રબોધ સરળ સાર’ નામે અલગથી આપવામાં આવેલ છે. મને વિશ્વાસ છે કે આ પુસ્તિકા, આ ગ્રન્થનું અધ્યયન કરનાર જિજ્ઞાસુજનોને ખૂબ જ સુગમ અને ઉપયોગી નીવડશે.

આ પુસ્તિકાના પ્રકાશનમાં દ્રવ્યસહયોગકર્તા ચુનીલાલ જી.શાહને શ્રીમહાપ્રભુની વાંગ્મય સેવામાં તત્પરતા બદલ અનેક ધન્યવાદો. શ્રીચુનીભાઈ અમારા આ ટ્રસ્ટમાં પણ નિયમિત ખડેપગે પોતાની ઉત્તમ સેવાઓ નિઃસ્વાર્થ ભાવે આપે છે અને વૈષ્ણવો વધુને વધુ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તાભિમુખ બને એ જ તેમની ખેવના રહી છે. પ્રભુ તેમને શતાયુ કરે, સુસ્વાસ્થ્ય આપે અને સદૈવ સેવા પરાયણ બન્યા રહે એ જ શુભાભ્યર્થના.

ગુજરાતી વિ.સં.૨૦૬૬,
ફાગણ વદ -૧૧, ગુરુવાર
૧૧-૩-૨૦૧૦ ,વડોદરા

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

શ્રીમદ્જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

અન્તઃકરણ પ્રબોધ (સરળસાર)

લેખક : ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી–વડોદરા

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ‘ષોડશગ્રન્થો સરળસાર’ માંથી ઉદ્ધૃત)

અન્તઃકરણપ્રબોધ ગ્રન્થની રચના શ્રીવલ્લભાચાર્યજીએ સંભવતઃ વિ.સં.૧૫૮૭ માં કરી છે. શ્રીવલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુ વિ.સં.૧૫૩૫ ના ચૈત્ર વદ ૧૧ થી વિ.સં.૧૫૮૭ ના અષાઢ સુદ બીજ સુધી બાવન વર્ષ અને લગભગ અઢી માસ આ ભૂતલ પર બિરાજ્યા તેમાં આ ગ્રન્થની રચના આપશ્રી દ્વારા સર્વથી અન્તિમ થઈ છે. આ બાબતમાં આ ગ્રન્થમાં કહેવાયેલ વાક્યો જ પ્રમાણરૂપમાં છે. જેમ યમુનાષ્ટક અને કૃષ્ણાશ્રય સ્તુતિરૂપ સ્તોત્ર ગ્રન્થો છે તથા સોળ ગ્રન્થો પૈકી બીજા ગ્રન્થો કોઈને કોઈ પોતાના સેવક વૈષ્ણવને ઉદ્દેશીને તેમના અર્થે લખાયા છે, તેમ આ ગ્રન્થ નથી. આ ગ્રન્થ શ્રીમહાપ્રભુએ પોતાના અન્તઃકરણને ઉદ્દેશીને રચેલો છે. આ ગ્રન્થમાં કુલ સાડા દશ શ્લોકો છે.

આપ ભૂતલના કાર્યોને સમેટી પાછા અમારી પાસે લીલામાં પધારો તેવી એક વખત (કલકત્તા પાસે) ગંગાસાગર સંગમ સ્થળ પર ભગવાનની શ્રીમહાપ્રભુને આજ્ઞા થઈ અને આ મુજબની જ બીજી વખત આજ્ઞા મથુરા પાસે મધુવનમાં થઈ. પણ તે વખતે ભાગવતની ટીકા સુબોધિનીના લેખનનું કાર્ય ચાલૂ હતું અને પૂર્ણ કરવું બાકી હતું. તેમજ શ્રીમહાપ્રભુના પ્રગટ થતા પહેલાં ગોલોકમાં આપ ભૂતલ પર પધારી ભાગવતના ગૂઢ અર્થને પ્રકટ કરો અને ભૂતલ પર રહેલા દૈવી જીવોનો ઉદ્ધાર કરો એમ ભાગવતનો અર્થ પ્રકટ કરવાની પણ ભગવાનની જ આજ્ઞા હોવાથી શ્રીમહાપ્રભુએ એ બંને વખતે આજ્ઞાને ધ્યાન પર નહિં લઈ લેખન ચાલૂ રાખ્યું. દશમ સ્કન્ધનું વ્યાખ્યાન પૂર્ણ કરી એકાદશ સ્કન્ધના પાંચમા અધ્યાયના પ્રથમ શ્લોક પર વ્યાખ્યાન લખાવવાનું ચાલુ હતું ત્યારે જ ભાગવત પરની શ્રીમહાપ્રભુ રચિત સૂક્ષ્મ ટીકાનું તિરોધાન થવું અને શ્રીમહાપ્રભુ લખાવે તેમ સુબોધિનીને કાગળ પર લખનાર શ્રીમાધવભટ્ટ

કાશિમરીનું દેહાવસાન થયું અને ત્યારે જ ફરીથી પાછી ત્રીજી વખતે ભગવાનની આજ્ઞા થઈ કે આપ આ લોકનો ત્યાગ કરો. તે વખતે શ્રીમહાપ્રભુ દ્વારા લોકત્યાગ માટેનો ભગવાનનો અત્યન્ત આગ્રહ જોઈ ભગવાનની આજ્ઞાનું પાલન થઈ શક્યું નથી. ભલે તે આજ્ઞાપાલન નહિં થઈ શકવામાં કારણ પ્રથમથી ભગવાનની આજ્ઞાનું પાલન જ છે. છતાં પણ સેવક તરીકે પોતાનો આ જ ધર્મ છે કે સ્વામીની આજ્ઞાનું પાલન કરવું. એ બાબતનો મનમાં પશ્ચાત્તાપ રાખી ભગવાનની ભૂતલ ત્યાગની આજ્ઞા થઈ છે તો તે પાલન કરવાથી ભગવાને પૂર્વમાં ઈચ્છેલું કાર્ય કેમ સમ્પન્ન થશે ! વગેરે વિચારોને અને કાર્યોને છોડી ભગવાનની આજ્ઞા પાલન કરવું જ યોગ્ય છે માટે ક્યાંય કોઈ પશ્ચાત્તાપનો વિષય નથી. એમ પોતાના અન્તઃકરણને ઉદ્બોધી આ ગ્રન્થનું પ્રણયન થયું છે. આ પ્રમાણે પોતાના અન્તઃકરણને ઉદ્દેશવાના બહાને શ્રીમહાપ્રભુએ સમસ્ત પુષ્ટિસૃષ્ટિને જીવનમાં પોતાના અન્તઃકરણ શુદ્ધિ માટેના ઉપાયરૂપ વિચારો પ્રદાન કર્યા છે.

આ ગ્રન્થ દ્વારા શ્રીમહાપ્રભુએ પોતાના વંશજો અને આ સમ્પ્રદાયના વૈષ્ણવોને એક વિશિષ્ટ પ્રકારે ઉપદેશ આપ્યો છે કે ભગવાનથી કોઈ અધિક નથી કે તેમના બરાબર નથી તેથી ભગવાન સર્વતંત્ર સ્વતંત્ર હોઈ પોતાની ઈચ્છા મુજબ કરવા સ્વતંત્ર છે અને તેમજ કરે છે, માર્ગનું પ્રવર્તન કરનાર ભક્તો સ્વરૂપથી દોષરહિત અને ભગવાન તેમના વશ હોઈને પણ તેઓ ભગવાનને આધીન થઈને જ રહે છે અને તેઓ ભગવાનથી અભિન્ન (જુદા નહિ તેવા) ભગવદ્રૂપ હોય છે, તેથી પોતે તેમના માર્ગવાળા હોવા છતાં પણ તેમની દેખાદેખી બીજા લોકોએ ભગવાનની આજ્ઞાનો ભંગ કરવો કે ભગવાનને જે અભિપ્રેત ન હોય તેમ કરવું તે યોગ્ય નથી. પોતે સ્વભાવથી દોષવાળા હોવા છતાં પણ સમર્પણ વડે ભગવાનની ઘણી કૃપાથી ઉત્કૃષ્ટ થયા છે તેમાં પોતાનો ઉત્કર્ષ થયો તેમ ભાવન નહિં કરવું. ભગવાન જે કરવા માંગે છે તેને જાણવું અશક્ય હોવાથી તેમની આજ્ઞા હોય તે મુજબ જ વર્તવું, ભગવાનની આજ્ઞાનો ભંગ કરાતાં સ્વામી દ્રોહનો મહાન અપરાધ પ્રાપ્ત થાય છે. પોતે ભગવાનનો સેવક છે અને પોતાના અનુરૂપ જે પણ હશે તે સ્વામી - ભગવાન જ કરશે આવો વિચાર જ સેવકોને માટે ઉચિત છે - શ્રીવલ્લભાચાર્યજીએ બે આજ્ઞા ન માની તેમ પોતે (વૈષ્ણવોએ) પણ ક્યારેય ભગવત્ કાર્યાર્થે તેમ ન કરવું. ભગવાન લૌકિક માલિકોની માફક ક્રોધે ભરાતાં ત્યાગ કરે છે તેમ નથી કારણ કે ભગવાન વડે અંગીકાર થવો એ ભગવદ્ધર્મ છે અને તે પણ ભગવાનની માફક નિત્ય છે તેથી આત્મનિવેદન કરેલા લોકોએ પોતાની દરેક દશામાં ભગવદ્ધર્માચરણથી કૃતાર્થતા જ વિચારવી પણ આ કરીને હું કૃતાર્થ છું કે નહિ તેમાં સંદેહ રાખવો નહિં, જેમ પરણાવેલી પુત્રી સાસરે જવા યોગ્ય હોય તો પણ પુત્રી સ્નેહવશ આને સાસરે ઘણું કામ કરવું પડશે તેમ વિચારી મા-બાપ દીકરીને સાસરે ન મોકલે તેમ દુનિયામાં જોવા મળે છે, તે મુજબના વિચારે પોતાના દેહ માટે ન વિચારવું. પોતાના દેહને સદૈવ ભગવાનની જ સેવામાં યોજવા, તેનાથી જ સ્વામીની પ્રસન્નતા થાય છે, અન્યથા લૌકિકમાં પણ પરણેલી સ્ત્રી સાસરે ન જાય અને સ્વામીની સેવા ન કરે તો વર પણ રાજી થતો નથી. તેમ છતાં પણ પોતાના દેહને સેવામાં યોજવા છતાં પણ જો પ્રતિબંધ નડતો હોય તો ત્યારે પણ ભગવાનનું જ શરણ વિચારવું - કારણ કે ભગવાન જ તેવા પ્રતિબન્ધને દૂર કરી શકે છે, તે વિના બીજો કોઈ ઉપાય નથી.

* * *

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

અન્તઃકરણ પ્રબોધ

અન્તઃકરણ ! મદ્વાક્યં સાવધાનતયા શ્રૃણુ ।
કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્ ॥ ૧ ॥

ચાણ્ડાલી ચેદ્ રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા ।
કદાચિદ્ અપમાનેડપિ મૂલતઃ કા ક્ષતિર્ભવેત્ ॥ ૨ ॥

સમર્પણાદહં પૂર્વમુત્તમઃ કિં સદા સ્થિતઃ ।
કા મમાધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો ભવેત્ ॥ ૩ ॥

સત્યસંકલ્પતો વિષ્ણુઃ નાન્યથા તુ કરિષ્યતિ ।
આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહોડન્યથા ભવેત્ ॥ ૪ ॥

સેવકસ્ય તુ ધર્મોડયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ।
આજ્ઞા પૂર્વં તુ યા જાતા ગંગા-સાગર-સંગમે ॥ ૫ ॥

યાડપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્દ્વયં મયા ।
દેહ-દેશ પરિત્યાગઃ તૃતીયો લોકગોચરઃ ॥ ૬ ॥

પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોડહં ન ચાન્યથા ।
લૌકિક પ્રભુવત્ - કૃષ્ણો ન દષ્ટવ્યઃ કદાચન ॥ ૭ ॥

સર્વં સમર્પિતં ભક્ત્યા કૃતાર્થોડસિ સુખી ભવ ।
પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાન્ન પ્રેષ્યતે વરે ॥ ૮ ॥

તથા દેહે ન કર્તવ્યં વરસ્તુષ્યતિ નાન્યથા ॥
લોકવત્ ચેત્ સ્થિતિર્મેસ્યાત્ કિં સ્યાદિતિ વિચારય ॥ ૯ ॥

અશક્યે હરિરેવાસ્તિ મોહં માગાઃ કથંચન ॥
ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ॥ ૧૦ ॥

ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્ ॥ ૧૦ ૧/૨ ॥

॥ ઈતિ શ્રીવલ્લભાચાર્યચરણવિરચિતઃ અન્તઃકરણપ્રબોધઃ સમ્પૂર્ણઃ ॥

આ પ્રમાણે શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ દ્વારા રચાયેલ અન્તઃકરણપ્રબોધ
નામનો ગ્રન્થ સમ્પૂર્ણ થયો ॥

॥ શ્રીકૃષ્ણાય નમઃ ॥

શ્રીમદ્ જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત ષોડશગ્રન્થાન્તર્ગત

અન્તઃકરણ પ્રબોધ

(અન્વય-ભાવાર્થ સહિત)

અન્તઃકરણ ! મદ્વાક્યં સાવધાનતયા શ્રૃણુ ।
કૃષ્ણાત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જિતમ્ ॥ ૧ ॥

અન્વય : અન્તઃકરણ – હે અન્તઃકરણ, **મદ્‌વાક્યં** – મારા વાક્યને, **સાવધાનતયા** – સાવધાન થઈને, **શ્રૃણુ** – સાંભળ, **કૃષ્ણાત્** – કૃષ્ણથી, **પરં** – અન્ય, **વસ્તુતઃ** – વાસ્તવમાં - ખરેખર, **દોષવર્જિતં** – દોષથી રહિત, **દૈવં** – દેવ સમ્બન્ધી-દિવ્ય, **ન અસ્તિ** – નથી ॥ **૧** ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – હે અન્તઃકરણ ! મારા વાક્યને સાવધાન થઈને સાંભળ, કૃષ્ણથી પર-અન્ય વાસ્તવમાં ખરેખર લોક-વેદમાં ગણાતાં દોષોથી રહિત કંઈ પણ દેવ સમ્બન્ધી-દિવ્ય નથી ॥ **૧** ॥

ચાણ્ડાલી ચેદ્ રાજપત્ની જાતા રાજ્ઞા ચ માનિતા ।
કદાચિદ્ અપમાનેઽપિ મૂલતઃ કા ક્ષતિર્ભવેત્ ॥ ૨ ॥

અન્વય : ચાંડાલી – (દુષ્ટ કુલમાં ઉત્પન્ન થયેલી) ચંડાલ સ્ત્રી, **ચેત્** – જો, **રાજપત્ની** – રાજાની પત્ની-રાણી, **જાતા** – થઈ, **ચ** – અને, **રાજ્ઞા** – રાજા દ્વારા, **માનિતા** – માનીતિ (બની), **કદાચિત્** – ક્યારેક (કોઈક કારણવશ), **અપમાને** – અપમાન થાય, **અપિ** – તો પણ, **મૂલતઃ** – મૂળથી, **કા** – શી, **ક્ષતિઃ** – હાનિ, **ભવેત્** – થાય ? ॥ **૨** ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – (દુષ્ટ કુલમાં ઉત્પન્ન થયેલી) ચંડાલ સ્ત્રી જો રાજાની પત્ની-રાણી થઈ અને રાજા દ્વારા માનીતિ (બની), (તેનું) ક્યારેક (કોઈક કારણવશ) અપમાન થાય તો પણ મૂળથી શી હાનિ થાય ? (કંઈ પણ હાનિ થતી નથી) ॥ **૨** ॥

સમર્પણાદહં પૂર્વમુત્તમઃ કિં સદા સ્થિતઃ ।
કા મમાધમતા ભાવ્યા પશ્ચાત્તાપો યતો ભવેત્ ॥ ૩ ॥

અન્વય : અહં – હું, **સમર્પણાત્** – સમર્પણ કરતાં, **પૂર્વં** – પહેલાં, **કિં** – શું, **સદા** – નિત્ય-હમેશાં, **ઉત્તમઃ** – શ્રેષ્ઠ, **સ્થિતઃ** – રહ્યો હતો ? **મમ** – મારી, **અધમતા** – અધમતા-હીનતા, **કા** – શું, **ભાવ્યા** – વિચારવા જેવી છે, **યતઃ** – કે જેથી કરીને, **પશ્ચાત્તાપઃ** – પશ્ચાત્તાપ, **ભવેત્** – થાય ॥ **૩** ॥

ટિપ્પણસહિત ભાવાર્થ – હું સમર્પણ કરતાં પહેલાં શું નિત્ય-હમેશાં શ્રેષ્ઠ રહ્યો હતો ? મારી અધમતા-હીનતા શું વિચારવા જેવી છે કે જેથી કરીને પશ્ચાત્તાપ થાય ॥ **૩** ॥

સત્યસંકલ્પતો વિષ્ણુઃ નાન્યથા તુ કરિષ્યતિ ।
આજ્ઞૈવ કાર્યા સતતં સ્વામિદ્રોહોઽન્યથા ભવેત્ ॥ ૪ ॥

અન્વય : વિષ્ણુઃ – સર્વમાં વ્યાપીને રહેલા એવા શ્રીકૃષ્ણ, **સત્યસંકલ્પતઃ** – સત્યસંકલ્પ (જેમનો કરેલો સંકલ્પ સદૈવ સત્ય જ હોય છે તેવા) હોવાથી, **અન્યથા** – (ફલદાનમાં) અન્યથા, **તુ** – તો, **ન** – નહીં, **કરિષ્યતિ** – કરશે, (તેથી) **સતતં** – સદૈવ-નિરંતર, **આજ્ઞા** – આજ્ઞા, **એવ** – જ, **કાર્યા** – (પાલન) કરવી, **અન્યથા** – નહીં તો, **સ્વામિદ્રોહઃ** – સ્વામીનો દ્રોહ, **ભવેત્** – થશે (સ્વામીનો દ્રોહ કર્યો કહેવાશે) ॥ **૪**॥

ટિપ્પણસહિત ભાવાર્થ – સર્વમાં વ્યાપીને રહેલા એવા શ્રીકૃષ્ણ સત્યસંકલ્પ (જેમનો કરેલો સંકલ્પ સદૈવ સત્ય જ હોય છે તેવા) હોવાથી(ફલદાનમાં) અન્યથા તો નહીં (જ) કરશે, (તેથી) સદૈવ-નિરંતર આજ્ઞા જ (પાલન) કરવી નહીં તો (આજ્ઞાનું ઉલ્લઘંન કરાતાં તો) સ્વામીનો દ્રોહ થશે (સ્વામીનો દ્રોહ કર્યો કહેવાશે) ॥ **૪**॥

સેવકસ્ય તુ ધર્મોડયં સ્વામી સ્વસ્ય કરિષ્યતિ ।
આજ્ઞા પૂર્વં તુ યા જાતા ગંગા–સાગર–સંગમે ॥ ૫ ॥

યાડપિ પશ્ચાન્મધુવને ન કૃતં તદ્દ્વયં મયા ।
દેહ–દેશ પરિત્યાગઃ તૃતીયો લોકગોચરઃ ॥ ૬ ॥

અન્વય : સેવકસ્ય – સેવકનો, **તુ** – તો, **અયં** – આ (જ), **ધર્મઃ**– ધર્મ છે (કે), **સ્વામી** – સ્વામી (માલિક), **સ્વસ્ય** – પોતાનું (જીવનું), **કરિષ્યતિ** – કરશે (તે પોતે જે વિચાર્યું હશે તે જ કરશે), **પૂર્વં** – પ્રથમ, **તુ** – તો, **ગંગાસાગરસંગમે** – ગંગાસાગર સંગમ સ્થળ પર, **યા** – જે, **આજ્ઞા** – આજ્ઞા, **જાતા** – થઈ (કરી) **॥ ૫ ॥ પશ્ચાત્** – ત્યારપછી, (ફરીથી) **મધુવને** – (મથુરા સમીપ) મધુવનમાં, **અપિ** – પણ, **યા** – જે (આજ્ઞા), **જાતા** – થઈ (કરી), **તદ્** – તે, **દ્વયં** – બન્ને (નું), **મયા** – મારા વડે, **ન** – નહીં, **કૃતં** – (પાલન) કરાયું, **દેહ–દેશ–પરિત્યાગઃ** – (પૂર્વોક્ત બે આજ્ઞાનો વિષય હતો) દેહત્યાગ (તથા) દેશ ત્યાગ કરવા બાબતનો, **તૃતીયઃ** – ત્રીજી આજ્ઞાનો વિષય, **લોકગોચરઃ** – લોકમાં પ્રસિદ્ધ (સર્વ પ્રકારે ત્યાગ-સંન્યાસ) **॥ ૬ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – સેવકનો તો આ (જ) ધર્મ છે (કે) સ્વામી (માલિક) પોતાનું (જીવનું) કરશે (તે પોતે જે વિચાર્યું હશે તે જ કરશે એમ વિચાર), પ્રથમ તો ગંગાસાગર સંગમ સ્થળ પર જે આજ્ઞા થઈ (કરી) **॥ ૫ ॥** ત્યારપછી (ફરીથી) (મથુરા સમીપ) મધુવનમાં પણ જે (આજ્ઞા) થઈ (કરી) તે બન્ને (નું) મારા વડે પાલન કરાયું નહીં, (પૂર્વોક્ત બે આજ્ઞાનો વિષય હતો) દેહત્યાગ (તથા) દેશ ત્યાગ કરવા બાબતનો, ત્રીજી આજ્ઞાનો વિષય લોકમાં પ્રસિદ્ધ (સર્વ પ્રકારે ત્યાગ-સંન્યાસ) છે.**॥ ૬ ॥**

પશ્ચાત્તાપઃ કથં તત્ર સેવકોડહં ન ચાન્યથા ।
લૌકિક પ્રભુવત્ – કૃષ્ણો ન દષ્ટવ્યઃ કદાચન ॥ ૭ ॥

અન્વય : તત્ર – ત્યાં (તે પ્રકારની આજ્ઞા થતાં), **પશ્ચાત્તાપઃ** – (મને) પશ્ચાત્તાપ (થયો), **કથં** – કેમ થયો ? (કારણ કે), **અહં** – હું, **સેવકઃ** – સેવક છું, **ચ** – આથી અતિરિક્ત, **અન્યથા** – બીજું કોઈ (કારણ), **ન** – નથી, **કૃષ્ણઃ** – કૃષ્ણને, **લૌકિક પ્રભુવત્** – લૌકિક (રાજા વગેરે) સ્વામીની માફક, **કદાચન** – ક્યારેય, **ન** – નહીં, **દષ્ટવ્યઃ** – જોવા (વિચારવા-માનવા) જોઈએ **॥ ૭ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – ત્યાં (તે પ્રકારની આજ્ઞા થતાં) (મને) પશ્ચાત્તાપ (થયો), કેમ થયો ? (કારણ કે) હું સેવક છું, આથી અતિરિક્ત બીજું કોઈ (કારણ) નથી, કૃષ્ણને લૌકિક (રાજા વગેરે) સ્વામીની માફક ક્યારેય નહીં જોવા (વિચારવા- માનવા) જોઈએ **॥ ૭ ॥**

સર્વં સમર્પિતં ભક્ત્યા કૃતાર્થોડસિ સુખીભવ ।
પ્રૌઢાપિ દુહિતા યદ્વત્ સ્નેહાન્ન પ્રેષ્યતે વરે ॥ ૮ ॥
તથા દેહે ન કર્તવ્યં વરસ્તુષ્યતિ નાન્યથા ॥ ૮ ૧/૨ ॥

અન્વય : સર્વં – બધું (જ), **ભક્ત્યા** – ભક્તિપૂર્વક (તેં), **સમર્પિતં** – સમર્પિત કર્યું છે, **કૃતાર્થઃ** – તૂ કૃતાર્થ, **અસિ** – છે, **સુખી** – સુખી, **ભવ** – થા, **યદ્વત્** – જેમ, **પ્રૌઢા** – પૂર્ણ યુવતી, **અપિ** – હોઈને પણ, **દુહિતા** – પુત્રીને, **સ્નેહાત્** – (વિશેષ) સ્નેહના કારણે, **વરે** – પતિની પાસે, **પ્રેષ્યતે** – મોકલવામાં, **ન** – નથી આવતી **॥ ૮ ॥ તથા** – તેમ, **દેહે** – દેહની બાબતમાં, **ન** – નહીં, **કર્તવ્યં** – કરવું, **અન્યથા** – નહીં તો, **વરઃ** – પતિ (અથવા પ્રભુ), **ન** – નહીં, **તુષ્યતિ** – સંતુષ્ટ થાય **॥ ૮ ૧/૨ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – બધું (જ) ભક્તિપૂર્વક (તેં) સમર્પિત કર્યું છે, તૂ કૃતાર્થ છે, સુખી થા. જેમ પૂર્ણ યુવતી હોઈને પણ પુત્રીને (વિશેષ) સ્નેહના કારણે પતિની પાસે મોકલવામાં નથી આવતી **॥ ૮ ॥** તેમ દેહની બાબતમાં નહીં કરવું (દેહ સુખનો વિચાર કરી દેહને સેવામાં પ્રવૃત્ત ન કરવું તેમ નહીં કરવું) નહીં તો પતિ (અથવા પ્રભુ) સંતુષ્ટ નહીં થાય **॥ ૮ ૧/૨ ॥**

લોકવત્ ચેત્ સ્થિતિર્મેસ્યાત્ કિં સ્યાદિતિ વિચારય ॥ ૯ ॥
અશક્યે હરિરેવાસ્તિ મોહં માગાઃ કથંચન ॥ ૯ $^{૧}/_{૨}$ ॥

અન્વય : ચેત્ – જો, **લોકવત્** – લોકની માફક, **મે** – મારી, **સ્થિતિઃ** – સ્થિતિ, **સ્યાત્** – થાય, (તો) **કિં** – શું, **સ્યાત્** – થાય, **ઈતિ** – એ-એનો (તૂ), **વિચારય** – વિચાર કર **॥ ૯ ॥ અશક્યે** – અશક્યમાં (તો), **હરિઃ** – સર્વ દુઃખ-પાપ-વિધ્નહર્તા શ્રીકૃષ્ણ, **એવ** – જ, **અસ્તિ** – છે (તેથી), **કથંચન** – કોઈ પણ પ્રકારે, **મોહં** – મોહને, **મા** – નહીં, **ગાઃ** – પ્રાપ્ત થા **॥ ૯ $^{૧}/_{૨}$ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – જો (જુદા જુદા સ્વભાવવાળા) લોકની માફક મારી સ્થિતિ થાય (તો) શું થાય એ-એનો (તૂ) વિચાર કર **॥ ૯ ॥** (તેમ છતાં પણ સેવામાં પ્રતિબન્ધ આવે અને સેવા શક્ય ન બને ત્યારે) અશક્યમાં (તો) સર્વ દુઃખ-પાપ-વિધ્નહર્તા શ્રીકૃષ્ણ જ છે (તેથી) કોઈ પણ પ્રકારે મોહને પ્રાપ્ત થા નહીં (અને તેવા વખતે શ્રીહરિનું શરણ ભાવન કર) **॥ ૯ $^{૧}/_{૨}$ ॥**

ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ ॥ ૧૦ ॥
ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિન્તતાં વ્રજેત્ ॥ ૧૦ $^{૧}/_{૨}$ ॥

અન્વય : ચિત્તં – ચિત્ત (અન્તઃકરણ), **પ્રતિ** – પ્રત્યે (ઉદ્દેશીને), **શ્રીકૃષ્ણદાસસ્ય** – શ્રીકૃષ્ણના દાસ (એવા), **વલ્લભસ્ય** – શ્રીવલ્લભનાં, **ઈતિ** – આ (જે), **હિતં** – હિત કરનારા, **વચઃ** – વચનો (છે), **॥ ૧૦ ॥ યત્** – જે, **આકર્ણ્ય** – સાંભળીને, **ભક્તઃ** – ભક્ત, **નિશ્ચિન્તતાં** – નિશ્ચિન્તતાને, **વ્રજેત્** – પ્રાપ્ત થાય **॥ ૧૦ $^{૧}/_{૨}$ ॥**

ટિપ્પણસહિત ભાવાર્થ – ચિત્ત (અન્તઃકરણ) પ્રત્યે (ઉદ્દેશીને) શ્રીકૃષ્ણના દાસ (એવા) (તેમજ ભગવાન અને ભક્તોને પ્રિય એવા) શ્રીવલ્લભના આ (જે) (સુખનું સમ્પાદન કરે તેવા) હિતકારી - આ (જે શરણગમન પર્યન્તના) વચનો (છે) **॥ ૧૦ ॥** જે સાંભળીને (પૂર્વમાં કોઈ અપરાધ થઈ ગયો હોય તેવો પણ) ભક્ત (બધા જ ઉદ્વેગ દૂર કરીને) નિશ્ચિન્તતાને પ્રાપ્ત થાય **॥ ૧૦ $^{૧}/_{૨}$ ॥**

॥ ઈતિ શ્રીવલ્લભાચાર્યચરણવિરચિતઃ અન્તઃકરણપ્રબોધઃ સમ્પૂર્ણઃ ॥

આ પ્રમાણે શ્રીમદ્ વ્લલભાચાર્યચરણ દ્વારા રચાયેલ અન્તઃકરણપ્રબોધ નામનો ગ્રન્થ સમ્પૂર્ણ થયો ॥

* * *